## SECTION A

**Q1. નીચે દર્શાવેલા પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો.** *10×5=50*

(a) ગહન દીસે ભાઈ, કર્મની ગતિ,
એક ગુરુના અમો વિદ્યારથી;
એ થઈ બેઠો પૃથ્વીપતિ,
મારા ઘરમાં ખાવા નથી. *10*

(b) હું તો જ્યમ દારુકની પૂતળી, તે ચાળા કરે અપાર;
પણ કાષ્ઠમાં કાંઈએ નથી, એ તો કળ ચાંપે સૂત્રધાર. *10*

(c) ગાય શીખે તે સાંભળે મનના પોચે કોડ;
એક વાર સૌ બોલજો જય જય શ્રી રણછોડ. *10*

(d) વિરહુ સહૂ તિહ ભાગલઉ
કાગલઉ કુરતલઉ પેખી,
વાયસના ગુણ વરણએ
અરણએ વ્યજીઅ વિશેષિ. *10*

(e) શશી જતાં પ્રિય રમ્ય વિભાવરી
થઈ રહે જતી અંથ વિયોગથી. *10*

**Q2. નીચેના મુદ્દાઓ વિશે સમીક્ષાત્મક નોંધ લખો.**

(a) 'અખેગીતા'માં માયાવિચારનું આલેખન *20*

(b) 'સુદામા ચરિત્ર' આખ્યાનમાં સુદામાના પાત્રનો પરિચય કરાવો. *15*

(c) 'સરસ્વતીચંદ્ર' ભાગ-૧માં ગોવર્ધનરામનું સંસ્કૃતિ ચિંતન *15*

**Q3. વિવેચનાત્મક નોંધ લખો.**

(a) 'રાઈનો પર્વત' નાટકમાં જાલકાના પાત્રનું મહત્ત્વ સમજાવો. *20*

(b) 'ચંદ્ર ચંદાવતી' વાર્તામાંની સમસ્યાઓ વિશે નોંધ તૈયાર કરો. *15*

(c) 'અતિજ્ઞાન' ખંડકાવ્યમાં સંઘર્ષ. *15*



Scanned with OKEN Scanner

Q4. નીચેના પ્રશ્નોને કૃતિના મર્મ સંદર્ભે સમજાવો.

(a) 'ફાર્બસવિરહ'નું કરુણપ્રશસ્તિ કાવ્ય તરીકે મૂલ્યાંકન કરો. 20

(b) 'વસંતવિલાસ'માં વિરહ અને શૃંગારના ભાવો વિશે નોંધ લખો. 15

(c) 'મારી હકીકત'નું આત્મકથાસ્વરૂપના લક્ષણોની દૃષ્ટિએ મૂલ્યાંકન કરો. 15



Scanned with OKEN Scanner